**તા.૨૪/૦૫/૨૦૨૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૭૦૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૧૭ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ રીક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯,૫૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૭૦૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૭૦૩/૨૦૨૫**

**ગોમતીપુરઃ** ભંવરસિંહ ચૈનસિંહ રાજપુત (ઉ.વ.૫૨)(રહે.સદગુરૂ બંગ્લોઝ એક્ષપ્રેસ હાઈવેની બાજુમાં, ન્યુ મણીનગર) એ તા.૨૩/૦૫/૨૦૨૫ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૫/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ગોમતીપુર સમન્વય બિઝનેશ પાર્ક ખાતે આવેલ ભંવરસિંહ રાજપુતની "હરિઓમ સેલ્સ કોર્પોરેશન" ખાતે આરોપી (૧) ક્રિશ શૈલેષભાઈ પટેલ (રહે. ડી ગણેશ મેરીડીયન ચાણક્યપૂરી રોડ કારગિલ પેટ્રોલ પંપ પાસે ઘાટલોડિયા) અને (૨) ગણેશભાઈ ત્રિવેદી (રહે.આશાદીપ સોસાયટી અમરાઈવાડી) એ ભેગામળી ભંવરસિંહ રાજપુતને વિશ્વાસમાં લઇ, પેપર રોલની ખરીદી પેટે માલના કુલ રૂપિયા ૮,૮૪,૮૨૨/– ભંવરસિંહ રાજપુત પાસેથી મેળવી લઈ, પેપર રોલનો માલ નહી આપી તેમજ રૂપિયા પરત નહી કરી, ભંવરસિંહ રાજપુત સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.મહિડા ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૭૦૪/૨૦૨૫**

**ચાંદખેડાઃ** રતિલાલ સ/ઓ નારણભાઇ વણજારા (રહે.મકાન નં.–૩૦૬, બ્લોક નં.–૦૩, ઔડાના મકાન, ચોથો માળ, ગાંધી આવાસ યોજના, ટી.પી.–૪૪, ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૫/૨૦૨૫ રાતના ૧૦/૦૦ થી તા.૨૨/૦૫/૨૦૨૫ સવારના ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૮૬,૫૦૦/– ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.પરમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૦૫/૨૦૨૫**

**શાહીબાગઃ** ગૌતમભાઇ વિજયભાઇ ઓડ (ઉ.વ.૨૪)(રહે.લાખાજી કુંવરજીની ચાલી મોહન સિનેમા પાછળ અસારવા) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૫/૨૦૨૫ સવારના ૦૯/૨૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી તખુસિંહ પ્રેમસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી